©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LVI]   TUESDAY, 21st APRIL, 2015 VAISAKHA 01, 1937   [No. 36**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II   EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૮૩(વરીયાવ-કોસાડ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૩૯૯/૨૦૧૫.- આથી જાહેર કરવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧-૧૧-૨૦૧૩ના રોજ સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૩ (વરીયાવ-કોસાડ) સરકારશ્રી દ્વારા કાયદાની કલમ-૪૮(૨) ની જોગવાઈઓ હેઠળ નિર્દેશનો સુચવી તે મુજબનો અમલ કરવા માટે તા. ૩૦-૦૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : NO. GH/V/72 of 2015/TPS-142013-6880-L થી અત્રે પરત કરેલ છે. જે અન્વયે સદરહુ મુસદ્દારૂપ યોજનાની ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નો નિયમ-૧૮ હેઠળ યોજનાના મુસદ્દાની દરખાસ્ત તૈયાર કરેલ છે. જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે : વરીયાવ તથા મોજે : કોસાડની એગ્રીકલ્ચર ઝોનમાં આવતી જમીનો.

દક્ષિણે : ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. : ૬૬ (કોસાડ-વરીયાવ) તથા મોજે : વરીયાવની એગ્રીકલ્ચર ઝોનમાં આવતી જમીનો.

પૂર્વે : ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. : ૪૬ (ગોથાણ-ભરથાણાકોસાડ-કોસાડ-વરીયાવ)

પશ્ચિમે : પ્રિલીમનરી ટી. પી. સ્કીમ નં. : ૩૭ (વરીયાવ)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે શહેર વિકાસ અધિકારીશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજના સંબંધમા વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત :
તા. : ૧૮-૦૪-૨૦૧૫.

(સહી), અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/૪૦૧/૨૦૧૫.- આથી જાહેર કરવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧-૧૧-૨૦૧૩ના રોજ સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૪ (કોસાડ-ભરથાણા-કોસાડ-મોટાવરાછા-અબ્રામા) સરકારશ્રી દ્વારા કાયદાની કલમ-૪૮(૨) ની જોગવાઈઓ હેઠળ નિર્દેશનો સુચવી તે મુજબનો અમલ કરવા માટે તા. ૩૦-૦૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : NO. GH/V/73 of 2015/TPS-142013-6882-L થી અત્રે પરત કરેલ છે. જે અન્વયે સદરહુ મુસદ્દારૂપ યોજનાની ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ હેઠળ યોજનાના મુસદ્દાની દરખાસ્ત તૈયાર કરેલ છે. જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે : ભરથાણાકોસાડ-મોટાવરાછા-અબ્રામાનો એગ્રીકલ્ચર ભાગ

દક્ષિણે : મોજે : કોસાડ-મોટાવરાછાનો એગ્રીકલ્ચર ભાગ તથા લાગુ ટી. પી. સ્કીમ નં. ૨૫ (મોટાવરાછા)ની હદ

પૂર્વે : તાપી નદી

પશ્ચિમે : રેલ્વે લાઈન તથા લાગુ ટી. પી. સ્કીમ નં. ૪૬ (ભરથાણા કોસાડ-ગોથાણ-કોસાડ-વરીયાવ)ની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે શહેર વિકાસ અધિકારીશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજના સંબંધમા વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત :
તા. : ૧૮-૦૪-૨૦૧૫.

(સહી), અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---